જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૬/૧૦/૨૦૨૩   શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૬૪૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૮૩ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૩૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૩ બિયર ટીન, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૬૪૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ-   સમાચાર યાદી નં.૧૬૪૬/૨૦૨૩

**ઓઢવઃ** ભુપેન્દ્રભાઇ પુનમભાઇ સોલંકી (ઉ.વ.૪૦)(રહે.પ્રથમ રેસીડેન્સી રોહીત સમાજની વાડી સામે ઓઢવ) તા.૦૫/૧૦/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ રોહીત સમાજ વાડી સામે ઉભા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભુપેન્દ્રભાઇ સોલંકીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભુપેન્દ્રભાઇ સોલંકીએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

## વિજ કરંટ લાગતા મૃત્યુઃ-   સમાચાર યાદી નં.૧૬૪૭/૨૦૨૩

**ચાંદખેડાઃ** લક્ષ્મી વા/ઓ રોહીત થમીર (ઉ.વ.૨૨)(રહે. જગતપુર બ્રીજ નીચે જગતપુર ચાંદખેડા) તા.૦૫/૧૦/૨૦૨૩ સવારના ૯/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે પાણીની વિજ મોટર ચાલું કરવા જતા વિજ કરંટ લાગતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.ચૌહાણ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૪૮/૨૦૨૩</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** નિકુલ કરશનભાઈ રાઠોડ (ઉ.વ.૨૨)(રહે.લાલબહાદુર શાસ્ત્રીનગર, બહેરામપુરા) માનસિક બીમારીના કારણે તા.૦૫/૧૦/૨૦૨૩ ના કલાક ૬/૨૦ વાગ્યા પહેલા સાબરમતી નદીના પુર્વ કિનારે સરદારબ્રિજ પાસે બાબા લબલબીની દરગાહ પાછળ રીવરફ્રન્ટ વોક-વે, રેમ્પ નંબર-૦૨ નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

કારંજઃ કૃપાબહેન અમરીશભાઇ મહેતા (ઉ.વ.૨૦)(રહે.કેદાર ફ્લેટ, શાહિબાગ) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૦/૨૦૨૩ સાંજના ૪/૪૫ વાગ્યા પહેલા કારંજ ધીકાંટા કોર્ટ સામે "મયુરી ફ્લેટ" ખાતે રહેતા સંબંધીના રહેણાંકના ધાબા ઉપરથી પડતુ મુકતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે કારંજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**એલીસબ્રીજઃ** વસંતભાઇ ગોવિંદભાઇ વાઘેલા (ઉ.વ.૫૦)(રહે.ડો.આંબેડકર કોલોની, આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૦/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરના બાથરૂમમાં લાકડાની વળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રતનસિંહ હિમંતસિંહ ચલાવે છે.

**વટવાઃ** વટવા રોપડા રોડ એવન્યુ ફ્લેટ ખાતે રહેતા બાબુલાલ પોકરજી કડીલા (ઉ.વ.૩૫) (મુળ ગામ.સોનાઈમાજી જી-પાલી રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૦/૨૦૨૩ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિરેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી